માટીમાંથી મૂર્તિઓ બનાવતા કારીગરોને રાહત દરે માટી આપવા તથા મેળામાં ભાગ લેતાં કારીગરોને મેળા સહાય ચુકવવા અંગેની યોજના.

GMK & RTI
Gandhinagar
No : ૯૦૪૨
Date : ૧૭/૭/૨૦૨૨

ગુજરાત સરકાર

ઉદ્યોગ અને ખાણ વિભાગ

ઠરાવ ક્રમાંક:- આરટીઆઇ/૧૦૨૦૧૫/૫૦૫/ખ-૧

સચિવાલય ગાંધીનગર

તા.૧૨/૦૭/૨૦૨૨.

વંચાણે લીધા:

(૦૧) ઉદ્યોગ અને ખાણ વિભાગનો ઠરાવ ક્રમાંક: આરટીઆઇ/૧૦૨૦૧૫/૫૦૫/ખ-૧, તા.૨૨/૦૭/૨૦૧૫.

(૦૨) ઉદ્યોગ અને ખાણ વિભાગનો ઠરાવ ક્રમાંક: બજટ/૧૦૨૦૧૫/૧૪૪૮(૮૪૮૪૩૮)/ખ-૧, તા.૦૭/૦૫/૨૦૧૯.

(૦૩) ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાનની તા.૧૫/૦૫/૨૦૨૨ ની સીંગલ ફાઇલ સીસ્ટમની નોંધથી મળેલ દરખાસ્ત.

પ્રસ્તાવના :

વંચાણે લીધા ક્રમાંક (૦૧)થી ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન દ્વારા પી.ઓ.પી.ની મૂર્તીઓથી પર્યાવરણને થતા નુકશાનને અટકાવવા માટીની મૂર્તિઓને પ્રોત્સાહન આપવા માટીની મૂર્તિઓ બનાવતા કારીગરોને ૫૦ ટકા સબસીડીના દરથી "રો મટીરીયલ બેંક" મારફતે નજીકના સ્થળે માટી પૂરી પાડવા તથા વેચાણ પ્રોત્સાહન માટે મેળાનો આયોજન કરી માટીની મૂર્તિઓ બનાવતા કારીગરોને વિના મૂલ્યે સ્ટોલ આપી, માટી મૂર્તિ વેચાણ ઉપર રૂા. ૧૦૦/-પ્રતિ ફુટ પ્રતિ મૂર્તિ વેચાણ સહાય આપવામાં આવી રહેલ છે. વંચાણે લીધા ક્રમાંક-(૦૨) થી રાજ્યમાં માટીની મુર્તીના ઉત્પાદનને પ્રોત્સાહન આપવા કારીગરોને વિનામૂલ્યે તાલીમ, તાલીમ પામેલ કારીગરોને વ્યવસાયના સ્ટાર્ટ અપ માટે વિના મૂલ્યે માટી અને ટુલકીટ માટીની મૂર્તી અંગે સંશોધન અને વિકાસ, પ્રચાર અને પ્રસાર અંગેના પ્રોજેક્ટનું અમલીકરન કરવામાં આવી રહ્યું છે. વંચાણે લીધા ક્રમાંક (૦૩)થી માટીમાંથી મૂર્તિઓ બનાવતા કારીગરોને રાહત દરે માટી આપવા તથા મેળામાં ભાગ લેતાં કારીગરોને મેળા સહાય આપવાની યોજનામાં સમયાંતરે પ્રસિધ્ધ થયેલા એક કરતાં વધુ ઠરાવોને સંકલિત કરીને, ઠરાવની જોગવાઈમાં જરૂરી સુધારા-વધારા કરી એક અધતન સ્વરૂયે સંકલિત ઠરાવ બહાર પાડવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

વિચારણાને અંતે વંચાણે લીધેલ ક્રમ -(૧) અને (૨)ના ઠરાવો રદ કરીને માટીમાંથી મૂર્તિઓ બનાવતા કારીગરોને રાહત દરે માટી આપવા તથા રાહત દરે માટી મેળવી મેળામાં ભાગ લેતાં કારીગરોને મેળા સહાય ચુકવવા માટે વર્ષ ૨૦૨૨-૨૩ની અસરથી નીચે જણાવેલ જોગવાઈ તથા શરતોને અધીન મંજૂરી આપવામાં આવે છે.

(૦૧) જી.એમ.કે.આર.ટી.આઇ.માં નોંધાયેલ માટીની મૂર્તિઓ બનાવતા કારીગરોને રેડી ટુ યુઝ માટી સંસ્થાન દ્વારા ખરીદી કરી ખરીદકીંમતના ૫૦ ટકા સબસીડીના દરથી તેમના નજીકના સ્થળે પુરી પાડવી.

(૦૨) જી.એમ.કે.આર.ટી.આઇ.માં નોંધાયેલ માટીની મૂર્તિઓ બનાવતા કારીગરો જે સંસ્થાન દ્વારા આયોજીત મેળામાં હાજર રહીને માટી મૂર્તિઓનું વેચાણ કરે તેવા કારીગરને કુટુંબ દીઠ એક વ્યક્તિને મેળાના સમયગાળા દરમ્યાન હાજર દિવસના પ્રતિ દિવસ રૂા. ૧૦૦૦/- લેખે મેળા સહાય પેટે આર.ટી.જી.એસ./ડી.ડી./ચેક ધ્વારા ચુકવણું કરવું.

<u>માટીની મૂર્તિઓ બનાવતા કારીગરોને રાહત દરે માટી આપવા તથા મેળામાં ભાગ લેતાં કારીગરોને મેળા સહાય ચુકવવા માટે નીચેની શરતોઓનું પાલન કરવાનું રહેશે.</u>

૧. જી.એમ.કે.આર.ટી.આઇ. સંસ્થાએ સરકારશ્રીના ખરીદીના નિયમો/ધારાધોરણોથી માટીની ખરીદી કરવાની રહેશે.

૨. માટી મૂર્તિ બનાવતા કારીગરોને રેડી ટુ યુઝ માટી તેઓને નજીકના સ્થળે ઉપલબ્ધ કરાવવાની રહેશે. તેમજ જરૂરીયાત જણાય તો જે તે શહેરમાં ગોડાઉન પણ ભાડેથી રાખી શકાશે.

૩. માટીની ખરીદ કિંમતના ૫૦ ટકા રાહત દરે માટી વેચાણથી આપવાની રહેશે. કારીગરના ફાળાની રકમ કારીગરે સંસ્થામાં નોંધણી ફોર્મની સાથે ફરજીયાત જમા કરાવવાની રહેશે.

૪. જી.એમ.કે.આર.ટી.આઇ. સંસ્થામાં નોંધાયેલ કારીગરે સંસ્થા પાસેથી માટી ખરીદી, મૂર્તીઓનું ઉત્પાદન કરી, જી.એમ.કે.આર.ટી.આઇ. સંસ્થા દ્વારા આયોજીત મેળામાં ભાગ લઇ માટી મૂર્તિઓનું વેચાણ કરવાનું રહેશે. તેવા કુટુંબદીઠ એક જ વ્યક્તિને મેળા સહાયનો લાભ મળવાપાત્ર થશે.

૫. મેળા સહાયનો લાભ માત્ર ફકત ગણેશ ચતુર્થીના ધાર્મીક તહેવાર દરમ્યાન દેવી દેવતાઓની માટીની મૂર્તિઓના કરવામાં આવેલ વેચાણ ઉપર જ મળવા પાત્ર થશે.

૬. જે વર્ષમાં મેળાનું આયોજન કોઇ કારણોસર ન થઇ શકે તેમ હોય તેવા સંજોગોમાં મેળા સહાય ચુકવવા પાત્ર રહેશે નહીં.

૭. મેળાના સ્થળ પર કારીગરોની હાજરી ચકાસણી સંબંધીત જરૂરી વ્યવસ્થા જી.એમ.કે.આર.ટી.આઇ. સંસ્થાએ કરવાની રહેશે.

૮ જી.એમ.કે.આર.ટી.આઇ. સંસ્થા દ્વારા આયોજીત મેળામાં ભાગ લેનાર કારીગરોને એનેક્ષચર-૧ મુજબ હાજર રહેલા દિવસના આધારે મેળા સહાય આરટીજીએસ/ડી.ડી./ચેકથી ચુકવવાના રહેશે.

૯. જી.એમ.કે.આર.ટી.આઇ. સંસ્થાએ યોજનાના અમલીકરણ માટે સ્ટાફની સેવાઓ જરૂરીયાત મુજબ આઉટ સોર્સીંગ / કરાર આધારીત સ્ટાફ મારફત મેળવવાની રહેશે.

૧૦. જાહેરાત તથા પ્રચાર-પ્રસાર અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇની મર્યાદામાં પ્રોજેકટ અન્વયે રચવામાં આવેલ મીડીયા કમીટી ધ્વારા મંજૂર કરેલ મીડીયા પ્લાન મુજબ કરવાનો રહેશે.

૧૧. વેચાણ પ્રોત્સાહન માટે ઇન્ડેક્ષ્ટ-સી ધ્વારા વેચાણ મેળાનું આયોજન કરવાનું રહેશે. જેમાં કારીગરોને વિના મુલ્યે સ્ટોલની ફાળવણી કરવાની રહેશે. મૂર્તિ મેળા અંગેના ખર્ચ માટે ઇન્ડેક્ષ-સી એ તેના બજેટમાં પર્યાપ્ત જોગવાઇ કરાવી લેવાની રહેશે.

૧૨. આ યોજના અંગેનો ખર્ચ રાજય સરકારશ્રીના સ્થાયી તેમજ વખતો વખતનાં લાગુ પડતા ઠરાવો/પરીપત્રો અને જોગવાઇ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

૧૩. આ મંજુરી અન્વયે કરવાનાં થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યનાં સિધ્ધાંતોનુ પાલન કરવાનું રહેશે.

૧૪. આ કામનાં ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉધોગ અને ખાણ વિભાગનાં ટેન્ડરીંગ અંગેની વખતો વખતની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૫. આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

<u>આ યોજના અંગેનો ખર્ચ નીચના બજેટ સદરે કરવાનો રહેશે.</u>

માંગણી નં : ૪૯(પ્લાન)
મુખ્ય સદર :૨૮૫૧ ગ્રામ અને લઘુ ઉદ્યોગો
ગૌણ સદર : ૨૦૦ અન્ય ગ્રામ ઉદ્યોગો
પેટા સદર : (૦૧)આઈ.એન.ડી -૩૦ ગુજરાત માટીકામ કલાકારી અને ગ્રામ્ય પ્રાદ્યોગિકી સંસ્થાન
હેતુ સદર : ૩૧૩૫ અન્યને જનરલ સહાયક અનુદાન

આ ઠરાવ ઉદ્યોગ અને ખાણ વિભાગની સમાનાંકી ફાઈક પર સરકારશ્રીની મળેલ મંજૂરી અન્વયે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ઉપ સચિવ
ઉધોગ અને ખાણ વિભાગ
ગુજરાત સરકાર

બિડાણ : **એનેક્ષર -૧**

**પ્રતિ,**

- માન.રા.ક.મંત્રીશ્રી,(કુટીરઉધોગ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી,(કુટીર ઉધોગ) ના અંગતમદદનીશ બ્લોક નં - ૫/૨, સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી,(કુટિર ઉધોગ) ના અંગતમદદનીશ બ્લોક નં.- ૭/૨, ઉધોગભવન, સેકટર-૧૧, ગાંધીનગર
- નિયામકશ્રી, ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન,સેકટર -૧૨, ગાંધીનગર.
- કાર્યવાહક નિયામકશ્રી, ઈન્ડેક્ષ્ટ-સીની કચેરી, બ્લોક નં.૭/૧લો માળ; ઉદ્યોગભવન, ગાંધીનગર.
- હિસાબી અને તિજોરી નિયામકશ્રી, ર્ડો જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી અમદાવાદ/ગાંધીનગર
- કોમ્પ્યુટર સેલ, ઉદ્યોગ અને ખાણ વિભાગ, ઠરાવ વિભાગની વેબ સાઈટ પરપ્રસિધ્ધ કરવા સારૂં.
- પસંદગી ફાઇલ

ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૧૨..../૦૭/૨૦૨૨ના ઠરાવ ક્રમાંક :- આરટીઆઈ/૧૦૨૦૧૫/૫૦૫/ખ-૧ નું જોડાણ:

## એનેક્ષર-૧

## મેળા સહાયનું ફોર્મ

પ્રતિ
નિયામકશ્રી,
ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન
સેકટર-૧૨, ગાંધીનગર

વિષયઃ મેળા સહાય મેળવવા માટેની અરજી.

૧ કારીગરનું નામ ____________________

૨ પુરું સરનામું ____________________
____________________

૩. મોબાઇલ નંબર ____________________

૪. જી.એમ.કે.આર.ટી.આઇ.માં નોંધાયેલ કારીગર નોંધણી નંબર ____________

૫. માટી મુર્તિ મેળાનું સ્થળ ____________ મેળામાં ફાળવેલ સ્ટોલ નંબર...........

૬. માટી મુર્તિ મેળામાં ભાગ લેવાનો સમયગાળો તા. ..................... થી તા. ................. સુધી

૭. માટી મુર્તિ બનાવવા માટે ખરીદેલ માટીનો જથ્થો ........................ બેગ

૮. ઉત્પાદિત માટી મૂર્તિઓની કુલ સંખ્યા ____________________

૯. મેળા દરમ્યાન વેચેલ માટી મૂર્તીઓની કુલ સંખ્યાઃ ......................... અને કુલ કિંમત રૂા...........

## બાંહેધરી

હું પોતે કારીગર છું અને મે ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થા પાસેથી ખરીદ કરેલ માટીમાંથી મૂર્તીઓનું ઉત્પાદન કરેલ છે. અને ઉપરોકત મેળામાં હાજર રહી તેનું વેચાણ કરેલ છે. મારી ઉપર્યુકત તમામ વિગતો સાચી છે તેમજ આ યોજનાની તમામ બોલીઓ અને શરતો મને બંધનકર્તા છે.

કારીગરની સહી. ..................................

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| તારીખ | | | | | | | | | |
| હાજર/ગેરહાજર | | | | | | | | | |

સદરહુ મેળા દરમ્યાન કારીગર હાજર રહેલ દિવસ .............

............................................................ ..................................

કારીગરની સહી મેળા ઇન્ચાર્જની સહી

બિડાણઃ (૧) અધતન કરાયેલ બેંક પાસ બુકના પ્રથમ પાનાની ઝેરોક્ષ નકલ

(૨) આધાર કાર્ડ / ચુટણી કાર્ડની નકલ

(૩) રાશન કાર્ડની નકલ